**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૫/૦૨/૨૦૧૮ રવિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૩૮૨/૧૮**

સરકારી કચેરીઓમાં અલગ અલગ કામો કરાવવા/નોકરી અપાવવા/ જમીન/ટેન્ડરને લગતા કામો કરાવી આપવાના બહાને વિવિધ રાજયોમાં લોકો સાથે છેતરપીંડી આચરનાર ઇસમ જનક જોષીની ધરપકડ કરતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાંચ

શ્રી આશીષકુમાર જશવંતરાય પંડયાએ અમદાવાદ શહેર ક્રાઇમબ્રાંચમાં ફરીયાદ આપેલ કે જનકભાઇ રમણલાલ જોષી રહે.એફ-૧૦૩/૭૭/૭૮(બી) ભગવતીકૃપા, સ્ટર્લીંગ સીટી બોપલ અમદાવાદની સાથે તેમને ઓળખાણ થયેલ અને જનકભાઇ પોતે મેડીકલમાં એડમીશન અપાવવાનુ/ગર્વ.માં કોઇપણ જગ્યાએ નોકરી અપાવવાનુ કામકરાવી આપતા હોવાની વાત કરતા આશીષભાઇએ સને ૨૦૧૩ માં જનકભાઇને તેમના મિત્ર સુરજીતસિંગના પુત્ર મીતેશ ભલ્લાનુ પુના ડીવાય.પાટીલ કોલેજમાં M.D.રેડીયોલોજીસ્ટ તરીકે એડમીશન કરાવવા માટેની વાત કરતા જનકભાઇએ ૮૦ લાખમાં એડમીશન અપાવવાની વાત કરેલ અને એડમીશન મળી જશે તેવો પાકો વિશ્વાસ અને ભરોસો આપી તે પેટે રૂપિયા ૧૯ લાખ ૯૭ હજાર લીધેલ અને એડમીશન કરાવી આપેલ નહી તેમજ ગર્વમેન્ટ તરફથી યુ.એસ.એ ખાતે જનાર ડેલીગેશનમાં ૧૮ જેટલા વ્યકતીઓને મોકલવા માટે લોભામણી વાતચીત કરી વિશ્વાસ અને ભરોસોઆપતા આશીષભાઇએ તેમના સાળા અને બીજા મિત્રવર્તુણ તેમજઅંગત સબંધી મળી કુલ્લે ૧૮ વ્યકતીઓને ડેલીગેશનમાં યુએસ.એ મોકલવા પેટે રૂ.૧૯ લાખ ૬૦ હજાર આપેલ અને જનકભાઇ દ્વારા કોઇને ડેલીગેશનમાં યુ.એસ.એ મોકલવામાં આવેલ ન હોય આશીષભાઇએ આ જનકભાઇને ઉપરોકત બંને કામ પેટે આપેલ કુલ્લે રૂ૩૯ લાખ ૫૭ હજારની માંગણી કરતા પરત નહી આપી છેતરપીંડી વિશ્વાસઘાત કરેલ હોય તેમજ પૈસાની માંગણી કરતા તેઓએ મારી સાથે ઉધ્ધતાઇથી બિભત્સ વર્તન કરી,અપશબ્દો/ગાળો બોલી હવે પૈસાની માંગણી કરશો તો તમારા હાથપગ તોડી નાખીશ અને જાનથી મારી નાખવાની ધમકી આપેલ જે અંગે ડીસી.બી.પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૪/૧૮ ધી ઇ.પી.કો.કલમ ૪૦૬.૪૨૦.૨૯૪(ખ).૫૦૬(૧) મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ

જેથી આ બનાવની ગંભીરતાને ધ્યાને લઇ સદર જનકભાઇ રમણલાલ જોષી ને ઝબ્બે કરવા માટે શ્રી જે.કે.ભટ્ટ સંયુકત પોલીસ કમિશ્નર ક્રાઇમ બ્રાંચ નાઓએ સુચના આપેલ હોય જે સુચના આધારે શ્રી દીપન ભદ્રન નાયબ પોલીસ કમિશ્નર ક્રાઇમ બ્રાંચ,શ્રી ડો.રાજદીપસિંહ ઝાલા એડીશનલ નાયબ પોલીસ કમિશ્નર ક્રાઇમ બ્રાંચ અમદાવાદ શહેર અને શ્રી સીએન.રાજપુત મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમબ્રાંચ નાઓના માર્ગદર્શન/સુચના હેઠળ અલગ અલગ ટીમો બનાવી સદરી જનક જોષીને શોધી કાઢવા પ્રયત્નશીલ હતા

આ દરમ્યાન ઉપરોકત આરોપી જનક જોષી અમદાવાદ એરપોર્ટ ખાતેથી આવનાર હોવાની માહીતી મળેલ જે અન્વયે સદરીને અમદાવાદ એરપોર્ટના ડોમેસ્ટીક એરપોર્ટ ઉપર જઇ તેને પુછપરછ માટે ક્રાઇમબ્રાંચ ની ઓફીસે લાવવામાં આવેલ અને સદરીની ઝડતી તપાસ કરતા તેની પાસેની બેગમાંથી ઇંગ્લીશ દારૂની એક બોટલ મળી આવતા જે અંગે અલાયદો કેસ દાખલ કરી તેને અટક કરવામાં આવેલ

**સને ૨૦૧૦ માં એનડીપીસના ગુનામાં પકડાયેલ અને૧૪ વર્ષની સજા પામેલ પાકા કામના પેરોલ જમ્પ આરોપીને પકડી પાડતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ**

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચઅમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ નાસતા ફરતા આરોપીઓ તથા પેરોલ ફર્લો જમ્પ થયેલ આરોપીને પકડવા આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં એસઓ.જી.ના પો.સ.ઇ.શ્રી એન.એન.રબારી તથા પોસઇ શ્રી જે.કે.રાઠોડ તથા પોસઇ શ્રી એ.વી.શીયાળીયા નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી દરમ્યાન પો.કો.જાહીદખાન મુનસફખાન તથા પોકો.ચેતનકુમાર રામુભાઇ નાઓની સંયુકતબાતમી હકીકત આધારે વેજલપુર એ.પી.એમ.સી. બસ સ્ટેન્ડ આગળ આગળથી પાકા કામના કેદી નં.ડ/૧૩૯૬૦ મહમદજાવીર અહેમદમુલ્લાબક્ષ શેખ રહે એચ/૨૦૮, સંકલિતનગર જુહાપુરા અમદાવાદ શહેર વાળાને ઝડપી લેવામાં આવેલ. સદરી ઇસમની પુછપરછ કરતાં સને૨૦૧૦ માં ૨૬ કીલો ચરસનાના ગુનામાં એનસીબીમાં પકડાયેલ અને આ ગુનામાં સાબરમતી સેન્ટ્રલ જેલમાં ગયેલ અને આ ગુનામાં૧૪ વર્ષની સજા થયેલ અને તા.૧૨/૦૧/૨૦૧૮ ના રોજ દિન-૭ ની પેરોલ રજા મેળવેલ જે પેરોલ રજા પુરી થયા બાદ તા.૨૦/૦૧/૨૦૧૮ ના રોજ જેલમાં હાજર નહી થઇ પેરોલ રજા ઉપરથી જમ્પ કરી નાસતો ફરતો હતો ની હકીકત જણાવેલ. જેથી સદરી આરોપીને આજરોજ તા.૨૪/૦૨/૨૦૧૮ ના રોજ હસ્તગત કરી સાબરમતી મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.